# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૦ તા.૩૧-૦૧-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : ''નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ'' અંતર્ગત નિરક્ષરોના સર્વે અંગે કાર્યવાહી કરવા બાબત.
સંદર્ભ : ક્રમાંકઃસનશ/૧૦૨૦૨૩/સિ.ફા૦૧/ચ તા.૧૩-૦૧-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે, રાજ્યમાં ''નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ''ના અમલીકરણ કરવા માટે ભારત સરકાર દ્વારા વિકસાવેલ પોર્ટલ દ્વારા ઓનલાઇન ટીચિંગ લર્નીંગ એન્ડ એસેસમેન્ટ શિક્ષણ એપ્લીકેશન મારફત નિરક્ષરોનો સર્વે કરવાનો થાય છે.

આ કામગીરી માટે એપ્લીકેશનમાં દર્શાવ્યા મુજબ અલગ-અલગ લેવલથી કાર્યવાહી કરવાની થાય છે. જે માટે આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૩૧-૦૧-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

(૨)

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
બ્લોકનં. ૫, આઠમો માળ, સચિવાલય,
ગાંધીનગર – ૩૮૨૦૧૦
ફોન નં. ૦૭૯-૨૩૨૫૧૩૩૬, ફેક્ષ નં. ૦૭૯-૨૩૨૫૧૩૨૫

પત્ર ક્રમાંક:સનશ/૧૦૨૦૨૩/સિ.ફા૦૧/ચ
તારીખ:૧૩/૦૧/૨૦૨૩

24 JAN 2023
આવક નં. E-122208

પ્રતિ,
નિયામકશ્રી,
સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક-૧૨, ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર

વિષય:- ''નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ'' અંતર્ગત નિરક્ષરોના સર્વે અંગે કાર્યવાહી કરવા બાબત

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેની આપની કચેરીની નંબર વગરની સિંગલ ફાઇલ હેઠળ, આપની તા.૧૧/૦૧/૨૦૨૩ ની નોંધથી કરેલ દરખાસ્ત પરત્વે જણાવવાનું કે, રાજયમાં ''નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ'' ના અમલીકરણ કરવા માટે આ વિભાગના તા. ૧૮/૭/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક સનશ/૧૦૨૦૨૨/સી.ફા/૦૩/ચ થી ઠરાવેલ છે. આ કાર્યવાહી કરવા માટે ભારત સરકાર ધ્વારા વિકસાવેલ પોર્ટલ ધ્વારા ઓનલાઈન ટીચિંગ લર્નીંગ એન્ડ એસેસમેન્ટ શિક્ષણ (OTLAS) એપ્લીકેશન મારફત નિરક્ષરોનો સર્વે કરવાનો થાય છે.

આ કામગીરી માટે એપ્લીકેશનમાં દર્શાવ્યા મુજબ અલગ-અલગ લેવલથી કાર્યવાહી કરવાની થાય છે. આ માટે રાજય કક્ષાએથી ગ્રામ્ય કક્ષા સુધી નિરક્ષરોનો સર્વે કરવા માટે નીચે મુજબના અધિકારી/કર્મચારીશ્રીઓ મારફતે કાર્યવાહી કરવાની આપની દરખાસ્તને મંજુરી આપવામાં આવે છે.

રાજ્ય/જિલ્લા/તાલુકા/ગ્રામ્ય તથા શાળા કક્ષાએ ઓનલાઈન પોર્ટલ પર રજિસ્ટર કરવાના થતા નોડલ અધિકારીશ્રીઓ

| | | |
|---|---|---|
| ૦૧ | રાજ્ય કક્ષાએ નોડલ અધિકારીશ્રી | નિયામક, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ |
| ૦૨ | જિલ્લા કક્ષાએ નોડલ અધિકારીશ્રી | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારી |

Scanned by CamScanner

| | | |
|---|---|---|
| ૦૩ | તાલુકા કક્ષાએ નોડલ અધિકારીશ્રી | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી |
| ૦૪ | ગ્રામ્ય કક્ષાએ નોડલ અધિકારીશ્રી | પ્રાથમિક તથા માધ્યમિક શાળાના આચાર્ય (પ્રિન્સિપાલ) |
| ૦૫ | શાળા કક્ષાએ નોડલ અધિકારીશ્રી | પ્રાથમિક તથા માધ્યમિક શાળાના મુખ્ય શિક્ષક/અન્ય શિક્ષકો |
| ૦૬ | સ્વયંસેવક તરીકે સર્વે કરવા તથા નિરક્ષરોને ભણાવશે. | શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા ગામના સ્વયંસેવકો/NGO ના સ્વયંસેવકો |

ઉક્ત તમામ અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓએ "નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ" ની અમલવારી માટે અસરકારક કાર્યવાહી કરવાની રહેશે.

પ્રસ્તુત પત્ર સમાન ક્રમાંકની સિંગલ ફાઇલ પર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ની તા.૧૧/૦૧/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે રવાના કરેલ છે.

આપનો વિશ્વાસુ,

(આર.જે.ચૌધરી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ:

- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર
- નિયામકશ્રી, જી. સી. ઇ. આર.ટી.. સેક્ટર.૧૨, ગાંધીનગર

ક્રમાંક: પ્રાશિનિ/સંકલન/૨૦૨૩/૨૯૩-૩૭૯
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર તા. ૨૫/૦૧/૨૦૨૩

ઉક્ત શિક્ષણ વિભાગ, ગાંધીનગરના તા. ૧૩/૦૧/૨૦૨૩ ના પત્ર અન્વયે આપની કક્ષાએથી જરૂરી નિયમાનુસારની કાર્યવાહી કરવા સારૂ . . .

નાયબ શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

નકલ સવિનય રવાના:-
- શ્રી આર.જે.ચૌધરી, ઉપ સચિવશ્રી, ચ- શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned by CamScanner